બારડોલી ચૂંટણી: સરપંચોનું રોટેશન જાહેર

કલેક્ટર દ્વારા જાહેર કરાયેલા રોટેશનમાં તાલુકાની કુલ ૭૬ પૈકી ૭૫ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત

બારડોલી: બારડોલી તાલુકામાં યોજાનારી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે સરપંચની બેઠકોનું અનામત રોટેશન જાહેર કરી દેવામાં આવ્યું છે. સુરત કલેક્ટર તેજસ પરમાર દ્વારા તા.૨૩/૧૧/૨૦૨૬ના રોજ આ અંગેનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જોકે, આ રોટેશન જાહેર થતાની સાથે જ તાલુકાના ગ્રામ્ય રાજકારણમાં ભારે ગરમાવો અને અસંતોષ જોવા મળી રહ્યો છે. કેટલીક ગ્રામ પંચાયતોના રોટેશનમાં તો કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હોવાનું જણાઈ રહ્યું છે. કલેક્ટર કચેરી દ્વારા જાહેર કરાયેલા પત્રક મુજબ બારડોલી તાલુકાની કુલ ૭૬ ગ્રા.પં.માંથી બાબેન સિવાયની તમામ ૭૫ ગ્રામ પંચાયતની સરપંચની બેઠક અનુસૂચિત આદિજાતિ (ST) માટે અનામત જાહેર કરવામાં આવી છે, જેમાંથી ૩૮ બેઠક આદિજાતિ મહિલા માટે અનામત રાખવામાં આવી છે. તાલુકામાં માત્ર એક જ ગ્રામ પંચાયત 'બાબેન'ને સામાન્ય (બિન અનામત) બેઠક તરીકે જાહેર કરવામાં આવી છે.



બાબેન ગ્રા.પં.ને વારંવાર સામાન્ય બેઠક તરીકે જાળવી રાખવા પાછળ સ્થાનિક સ્તરે રાજકીય ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, માજી જિલ્લા પંચાયત પ્રમુખ અને માજી સરપંચ ભાવેશભાઈ પટેલની રાજકીય કારકિર્દીને બચાવવા માટે જ બાબેનની બેઠકને ફરીથી સામાન્ય જાહેર કરવામાં આવી છે.

બાબેન ગ્રામ પંચાયતને ફરી એક વખત સામાન્ય બેઠક જાહેર કરવામાં આવતાં તાલુકાની અન્ય ગ્રામ પંચાયતોના લોકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. ઉલ્લેખનીય છે કે, બાબેનમાં છેલ્લી ત્રણ ટર્મથી સતત બે વખત સામાન્ય અને એક વખત સામાન્ય મહિલા બેઠક જાહેર કરવામાં આવી હતી. આમ છતાં, ફરી બાબેનને જ સામાન્ય બેઠક ફાળવવામાં આવતાં રોટેશન સામે સવાલો ઊભા થઈ રહ્યા છે.

OBC અને SC વર્ગની એકપણ બેઠક નહીં, વાંધા રજૂ થવાની શક્યતા

આ જાહેરનામામાં OBC/બક્ષીપંચ અને અનુસૂચિત જાતિ (SC) માટે એક પણ બેઠક અનામત ફાળવવામાં આવી નથી. છેલ્લાં કેટલાંક વર્ષોથી આ બંને કેટેગરીની સતત બાદબાકી કરવામાં આવી રહી હોવાથી બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના લોકોમાં પણ નારાજગી જોવા મળી રહી છે. આ મુદ્દે આગામી દિવસોમાં તંત્ર સમક્ષ સત્તાવાર વિરોધ રજૂ થાય તેવી પૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

બારડોલીમાં બેઠકોના અનામત રોટેશનની સંપૂર્ણ યાદી

૧. સામાન્ય બેઠક (બિન અનામત) - કુલ ૧ બેઠક
બાબેન

૨. અનુસૂચિત આદિજાતિ (ST) મહિલા અનામત - કુલ ૩૮ બેઠક
વધાવા, જરીમોરા, પારડી વાલોડ, જૂની કીકવાડ, વાંસકુઇ, કાંટી ફળિયા, ભેંસુદલા, બાલ્દા, નાની ભટલાવ, વાઘેચ કુવાડિયા ગ્રુપ રજવાડ, પથરાડીયા, ગોજી, ભુવાસણ ઝાંખરડા ગ્રુપ, વાઘેચા કડોદ, તરભોણ, પારડીવાઘા નોગામા ગ્રુપ, ઉતારા, નિણત ઉમરાખ, સેજવાડ, નાંદિડા, રાયમ, નવી કીકવાડ, માણેકપોર, ટીમ્બરવા, ઉવા રામપુરા, સરભોણ, ખરવાસા, સુરાલી, ધામડોદ લુંભા, તેન, મઢી, મોતા, કણાઇ, બમરોલી, મસાડ

૩. અનુસૂચિત આદિજાતિ (ST) સામાન્ય-કુલ ૩૭ બેઠક
તાજપોર બુજરંગ, કરચકા પીપરિયા ગ્રુપ, અકોટી, પલસોદ, ભામૈયા, વઢવાણી સીંગોદ, જૂનવાણી, સાંકરી, રૂવા ભરમપોર ગ્રુપ, નસુરા, બામણી, ઉછલેલ, સમથાણ, ઓરગામ, હરિપુરા હિડોલીયા, ખોજ, આફવા ખલી ગોતાસા ગ્રુપ, રાજપુરા લુંભા, વરાડ પણદા ગ્રુપ, કંટાળી, પારડી કડોદ, ખરડ છીત્રા ગ્રુપ, ઇસરોલી, વાંકનેર, વડોલી અંચેલી ગ્રુપ, માંગરોલીયા, મોવાછી, બાબલા, મોટી ફળોદ, નિઝર, અલ્લુ, અસ્તાન, ઇશનપોર, કડોદ મીંયાવાડી ગ્રુપ, મોટી ભટલાવ

સંક્ષિપ્ત સમાચાર

બાજીપુરા ખાતે દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજનું સ્નેહમિલન યોજાયું



વાલોડ: દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ તથા આદિ પ્રકૃતિ સમિતિના ઉપક્રમે ભવ્ય સ્નેહ સંમેલન તા.22/11/2026ના રોજ સૌપ્રથમ બાજીપુરા ખાતે પોતાની ભૂમિ ઉપર માજી સાંસદ અમરસિંહભાઈ ઝેડ. ચૌધરીના અધ્યક્ષ સ્થાને સમાજના અગ્રણીઓ, દાતાઓ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયું હતું. આ સમારોહમાં અંદાજિત 12 હજાર લોકો ઉપસ્થિત રહ્યા હતા. અમરસિંહભાઈ ચૌધરીએ સમાજની એકતા અને સમાજ ભવનના નિર્માણ પર ભાર મૂક્યો હતો. વિરોધ પક્ષના નેતા તુષારભાઈ ચૌધરીએ દાતાઓને બિરદાવ્યા હતા. વસંતભાઈ ચૌધરીએ વિકાસલક્ષી લક્ષ્યો, યજ્ઞેશ પાવાગઢીએ લઘુ ઉદ્યોગ અને ટ્રેડફેર, તથા પ્રભુદાસે યુવાઓને વ્યસનમુક્ત અને ગ્રાસરૂટ કામગીરી કરવા માર્ગદર્શન આપ્યું હતું. સમાજ ભવન માટે આશરે ૩૦ લાખનું દાન મળ્યું હતું. પ્રકૃતિ પૂજા, ડોવડાનૃત્ય, તેજસ્વી તારલા અને દાતાઓના સન્માન સાથે કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ પ્રસંગે આદિ પ્રકૃતિ સમિતિ અધ્યક્ષ અને પૂર્વ સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર (માર્ક) નારસીંગભાઈ જે ચૌધરી, માંડવીના પૂર્વ ધારાસભ્ય આનંદભાઈ ચૌધરી, એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ સ્કૂલ ડાયરેક્ટર અર્જુનભાઈ ચૌધરી, પૂર્વ સચિવ નર્મદા અને જળ સંપત્તિ જે.સી.ચૌધરી, ઈન્ડસ્ટ્રિઝ સેફ્ટી એન્ડ હેલ્થ અતિથિ વિશેષ પૂર્વ ડાયરેક્ટર ડી.સી.ચૌધરી, પૂર્વ નાયબ કલેક્ટર દેવેન્દ્ર પટેલ, નીતિનભાઈ ચૌધરી, ડો.અંજનાબેન ચૌધરી, ડો.વિલાસભાઈ ચૌધરી, સહ કન્વીનર સમીરભાઈ ચૌધરી હાજર રહ્યા હતા.

માંડવીમાં ભાજપનું નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયું



માંડવી: માંડવીના સૂપડી ચાર રસ્તા ખાતે માંડવી વિધાનસભાના ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિની આગેવાનીમાં નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ઉપસ્થિત સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિડીયો કોન્ફરન્સિંગ માધ્યમથી કાર્યક્રમમાં જોડાયા હતા. તેમની સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ પ્રભારી તરુણ ચુગ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા અને ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકોને સંબોધિત કરી હતી. કાર્યક્રમ દરમિયાન તાપી જિલ્લા યુવા મોરચાના ઉપપ્રમુખ તેમજ વડનગરથી વારાણસી બાઇક યાત્રાના યાત્રી રાહુલભાઈ કડેનું ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલન કાર્યક્રમમાં સુરત જિલ્લા ભાજપના મહામંત્રી જગદીશભાઈ પારેખ અને રોહિતભાઈ પટેલ, ઉપપ્રમુખ દિનેશભાઈ પટેલ, સુરત જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના અધ્યક્ષ નિરવભાઈ લાડ અને નટુભાઈ રબારી ઉપસ્થિત રહ્યા હતા.

ઉંચામાળા પાસે બાઇક અડફેટે વૃદ્ધનું મોત

વ્યારા: વ્યારા-માંડવી રોડ પર ઉંચામાળા ગામે બાઇકની અડફેટે 65 વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ગત તા.22-11-2026ના રોજ વહેલી સવારે પોણા છ વાગ્યાના અરસામાં ભાવસિંગભાઈ મગનભાઈ ગામીત (ઉ.વ.65) (રહે.,ઉંચામાળા ડુંગરી ફળિયું) રવિવારે સવારે ચાલતા ચાલતા પોતાના ખેતરે જઈ રહ્યા હતા. દરમિયાન વ્યારા-માંડવી હાઈવે પર બાઇક નં.(GJ 26 AL 3548)ના ચાલક ભાવિન અશ્વિન ગામીત (રહે.,ડુંગરી ફળિયું, ઉંચામાળા)એ બાઇક પૂરઝડપે હંકારી વૃદ્ધને પાછળથી ટક્કર મારી હતી. આ ઘટનામાં વૃદ્ધને ગંભીર ઇજા થતાં વ્યારાની હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ વૃદ્ધનું મોત થયું હતું. આ બનાવને લઈ કાકરાપાર પોલીસે બાઇક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

આંબોલીમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા



કામરેજ: કામરેજ પોલીસે આંબોલી ગામની સીમમાંથી જાહેરમાં ગંજીપાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા ત્રણ શખ્સોને રોકડ અને મોબાઈલ સહિત કુલ રૂ.૧૮,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કામરેજ પોલીસને આંબોલી ગામ ખાતે લાલુકુળીની સામે ઝૂંપડપટ્ટીની પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના પગલે ગૌતમભાઈ ઘેલાભાઈ સહિતની પોલીસ ટીમે દરોડો પાડી શીવાભાઈ ઘરમશીભાઈ વાસફોડા (ઉ.વ.૩૪, રહે. મેલડી માતા મંદિર પાસે, તાપી નદી કિનારે પાળા પર, આંબોલી, તા. કામરેજ), આકાશભાઈ દિપકભાઈ વાસફોડા (ઉ.વ. ૨૦, રહે. આંબોલી, તા.કામરેજ) અને યાકુબ અબ્દુલ કાદિર શેખ (ઉ.વ. ૩૨, રહે. તાઈવાડ ફળિયું, કઠોર, તા.અબ્રામા)ને ઝડપી લીધા હતા. પોલીસે ઘટના સ્થળેથી અંગઝડતીના રૂ.૬,૭૦૦, દાવ પરના રૂ.૩,૬૦૦ અને રૂ.૮,૦૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૮,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉમરપાડામાં નવજાત શિશુ સંભાળ સપ્તાહની ઉજવણી



વાંકલ: અદાણી ફાઉન્ડેશન દ્વારા ઉમરપાડામાં અમલી સુપોષણ પ્રોજેક્ટ અંતર્ગત 16થી 21 નવેમ્બર દરમિયાન નવજાત શિશુ સંભાળ સપ્તાહ (Newborn Care Week)ની ઉજવણી કરવામાં આવી હતી. આ સપ્તાહ દરમિયાન યોજાયેલી વિવિધ પ્રવૃત્તિઓમાં કુલ 20,057 લોકોએ સહભાગી બની અભિયાનને સફળ બનાવ્યું હતું. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માતા અને નવજાત શિશુના આરોગ્ય, પોષણ તથા યોગ્ય સંભાળ અંગે સમુદાયમાં જાગૃતિ ફેલાવવાનો હતો. સપ્તાહ દરમિયાન જાગૃતિ રેલી, નવજાત શિશુની સંભાળ અંગે માર્ગદર્શન, સ્તનપાનનું મહત્ત્વ, કાંગારુ મધર કેર (Kangaroo Mother Care), નવજાત શિશુમાં જોખમી લક્ષણોની ઓળખ, માતાઓ માટે કાઉન્સેલિંગ, પૌષ્ટિક વાનગીઓનું પ્રદર્શન તેમજ સ્વચ્છતા અંગે નિદર્શન સહિતની વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

સોનગઢની ૫૧ ગ્રા. પં.માં સરપંચ પદની અનામત બેઠક જાહેર

તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણીલક્ષી ધમધમાટ તેજ

સોનગઢ: તાપી કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા સોનગઢ તાલુકાની ગ્રામ પંચાયતોની આગામી સામાન્ય ચૂંટણી માટે સરપંચના હોદ્દાની બેઠકોની ફેરફાળવણી અંગેનો સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યો છે. ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ તૈયાર કરાયેલા આ પત્રકમાં સોનગઢ તાલુકાની કુલ ૫૧ ગ્રામ પંચાયતની વસતી અને અનામત બેઠકોનું ચિત્ર સ્પષ્ટ કરાયું છે. આ નવા રોટેશન મુજબ અગાસવાણ, બોરકૂવા, ચાંપાવાડી, ચીખલી ખડકા, ચીમેર, ચીમકૂવા, ધમોડી, ધનમૌલી, ડોસવાડા, ગાયસાવર, ઘોડચીત, ગોપાલપુરા, જામખડી, ઝરાળી, જૂનવાણ, ખાંજર, ખરસી, માંડળ, મેઘા, મોટા બંધારપાડા, મોટાતારપાડા, નિશાણા અને રાણીઆંબા સહિતની પંચાયતોમાં 'અનુસૂચિત આદિજાતિ' (સામાન્ય) બેઠક જાહેર કરાઈ છે.

જ્યારે મહિલા અનામતની જોગવાઈ હેઠળ આમલગુંડી, આંબા, ભરાડદા, ચાકળીયા, ચોરવાડ, દોણ, ગાળકૂવા, ઘુટવેલ, ગુનખડી, હનુમંતિયા, હીરાવાડી, કાકડકૂવા (પ્ર. ઉમરદા), કનાળા, કિકાકુઈ, કુમકૂવા, મલંગદેવ, મેઢસીંગી, મોંઘવાણ, ઓટા, સાદડકુવા, સાદડવેલ, સાદડુન અને શ્રાવણીયા ગ્રામ પંચાયતોમાં 'અનુસૂચિત આદિજાતિ સ્ત્રી' માટે સરપંચ પદ અનામત રખાયું છે. ઉપરાંત ટાપરવાડા, ટોકરવા, ઉમરદા, વડપાડા (પ્ર. ટોકરવા) અને વડપાડા (પ્ર. ઉમરદા) નો પણ આ યાદીમાં સમાવેશ થાય છે. આ જાહેરાત સાથે જ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણીલક્ષી ધમધમાટ તેજ બન્યો છે.

પલસાણાની ૪૩ ગ્રામ પંચાયતોના સરપંચ માટે રોટેશન જાહેર કરાયું

સુરત કલેક્ટર દ્વારા સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

પલસાણા: પલસાણા તાલુકામાં આગામી સમયમાં યોજાનારી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર દ્વારા મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને સુરત કલેક્ટર તેજસ પરમાર દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૫૧ હેઠળ પલસાણા તાલુકાની કુલ ૪૩ ગ્રામ પંચાયતના સરપંચ પદની બેઠકોની અનામત અને રોટેશન અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જાહેરનામા મુજબ, પલસાણા તાલુકાની ગ્રામ પંચાયતોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા બિન અનામત (સામાન્ય) વર્ગ અને આ તમામ વર્ગોમાં મહિલા અનામત મુજબ બેઠકોની ફાળવણી કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિ અને સામાજિક-શૈક્ષણિક પછાત વર્ગની બેઠકો

અનુસૂચિત જાતિ (અનુસૂચિ-૧) માટે કુલ ૨ બેઠક ફાળવવામાં આવી છે, જેમાં પીસાદ અને સાંકી ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. આ પૈકી સાંકી બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત રાખવામાં આવી છે. તેવી જ રીતે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (અનુસૂચિ-૩) માટે પુણી, સોયાણી, તળોદરા અને તરાજ ગ્રામ પંચાયતની બેઠકો અનામત રખાઈ છે, જેમાંથી પુણી અને સોયાણી બેઠક આ વર્ગની મહિલા માટે અનામત છે.

અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકો

અનુસૂચિત આદિજાતિ (અનુસૂચિ-૨) માટે જાહેર કરાયેલી ગ્રામ પંચાયતોમાં તાંતીઝઘડા, જોળવા, કરાળા, બગુમરા, હરીપુરા, કારેલી, ખરભાસી, બલેશ્વર ઇસરોલી ગ્રુપ (મહિલા અનામત), ભૂતપોર, વંઝોળીયા, અમલસાડી, સેદ્રાવ, સિયોદ એરથાણ, વાંકાનેડા, પલસાણા, તાતીથૈયા, વરેલીનો સમાવેશ થાય છે.

બિન અનામત (સામાન્ય) અને સામાન્ય મહિલા બેઠકો

બિન અનામત એટલે કે સામાન્ય વર્ગ (અનુસૂચિ-૪) હેઠળ આવતી ગ્રામ પંચાયતોમાં અંભેટી, અંત્રોલી, બારાસડી, દસ્તાન, ધામડોદ ઘલુડા ગ્રુપ, એના ગોટિયા ગ્રુપ, ગાંગપોર જતપોર ગ્રુપ, ઇટાળવા અને કણાવ બેઠક બિન અનામત મહિલા (સામાન્ય મહિલા) માટે અનામત રાખવામાં આવી છે. જ્યારે કરણ, લાખણપોર, લીંગડ, માખીંગા, મલેકપોર, નિયોલ, પારડીપાતા, તુંડી, વડદલા અને વણેસા ગ્રામ પંચાયત સામાન્ય બેઠક તરીકે જાહેર કરવામાં આવી છે.

કામરેજ તાલુકાની 51 ગ્રામ પંચાયતના સરપંચોની બેઠક

કામરેજ: કામરેજનાં અમુક ગામોને સુરત મહાનગર પાલિકામાં સમાવી લીધા બાદ બાકી 51 ગામના સરપંચોની ચૂંટણી યોજાવા જઈ રહી છે. ત્યારે સરપંચોની બેઠકો રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને સુરત કલેક્ટર દ્વારા સોમવારે જાહેર કરાઈ હતી, જેમાં આસ્તા, જોખા, ભૈરવ અનુસૂચિત આદિ જાતિ માટે અંત્રોલી-થારોલી, ધારૂઠા, દેરોદ, માંકણા, વલથાણ, નેત્રંગ, મોરથાણા, નવી પારડી, ધોરણપારડી, કોળી ભરથાણા, વાવ, લાડવી, ઘલા, કામરેજ, ચોર્યાસી, ખોલવડ, ઘલુડી, આંબોલી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ઓરણા-જાતભરથાણા, ઓવિયાણ, પરબ, સેગવા, સેવણી, સામાન્ય બેઠક માટે વિહાણ, અલુરા, ચીખલી, દેલાડ, ધાતવા, દિગસ-માછી, ડુંગર, ડુંગરા-જીઓર, હલધરૂ, કરજણ-આખાખોલ, ખાનપુર-મીરાપુર, ખોલેશ્વર, કોસમાડી, કોસમાડા-છેડછા, નગોડ-રૂઢવાડા, નનસાડ, નવાગામ, પાલી, શામપુરા-દેથલી, શેખપુર, સીમાડી, ટીંબા, ઉભેળ, વલણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કોસંબા મર્કન્ટાઈલ બેન્કની ચૂંટણીમાં કોંગ્રેસનાં સૂપડાં સાફ



બેંકના સભાસદ મતદારોએ ફરી એક વખત બેંકનું સુકાન ભાજપના હાથમાં સુપરત કર્યું

હથોડા: કોસંબા મર્કન્ટાઇલ બેન્કની 15 બેઠક માટે યોજાયેલી અને કોસંબા, તરસાડી સહિત માંગરોળ તાલુકામાં બહુગાજેલી ચૂંટણીમાં સોમવારે મોડી સાંજે મત ગણતરીની પ્રક્રિયા પૂરી થયા બાદ આખરે ભાજપની ટીમે ધારણા મુજબ તમામ બેઠકો ઉપર ઝળહળતો વિજય મેળવતાં સામા પક્ષે કોંગ્રેસનાં સૂપડાં સાફ થઈ ગયાં હતાં.

કોસંબા મર્કન્ટાઇલ બેંકની ગઇકાલે યોજાયેલી ચૂંટણીમાં ભારે ગરમાગરમી થયા બાદ સોમવારે થયેલી મતગણતરીની શરૂઆત સવારે દસ વાગે થઇ હતી. જે મોડી સાંજ સુધી ચાલી હતી. આ બેંકની ચૂંટણી પર કોસંબા તરસાડી સહિત માંગરોળ તાલુકાની જનતાની નજર મંડાઇ હતી, જેમાં બેંકના સભાસદ મતદારોએ ફરી એક વખત બેંકનું સુકાન ભાજપના હાથમાં સુપરત કર્યું હતું. અને બેંક બચાવો અભિયાનના નારા સાથે ચૂંટણી લડેલી કોંગ્રેસને મતદારોએ જાકારો આપ્યો હતો. સોમવારે મત ગણતરી ટાંકણે તેમજ જીત મેળવ્યા બાદ ભાજપે રેલી કાઢતાં પોલીસે લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

ઝરપણ નજીક બાઈક અને મોપેડ સામસામે અથડાતાં એકનું મોત

શેરડીનું કામ પતાવી પરત ફરતા ૧૯ વર્ષીય ટિટોઈના યુવાનનું મોત, મિત્ર ઘાયલ

માંડવી: અરેઠના ઝરપણની સીમમાં કીમ-માંડવી રોડ પર આવેલા પેટ્રોલ પંપ સામે ગત રવિવાર, તા.૨૨ નવેમ્બરે સાંજે સુમારે બે વાહન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવતી બાઈકની ટક્કરથી મોપેડ પર સવાર ૧૯ વર્ષીય યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે ચાલક યુવાનને ઈજા પહોંચી હતી.

મળતી માહિતી મુજબ અરેઠના ટિટોઈ ગામના ડુંગરી ફળિયામાં રહેતા ૧૯ વર્ષીય ફાગેશકુમાર માનસિંગભાઈ ચૌધરીએ રવિવારે બપોરે ૩:૩૦ વાગ્યે પોતાના ગામના માયા ફળિયામાં રહેતા મિત્ર સ્મિતભાઈ અનિલભાઈ ચૌધરી (ઉ.વ.૧૯)ને ફોન કરી શેરડીનું વજન કરાવવા અને પેમેન્ટ લેવા અરેઠ આવવા જણાવ્યું હતું. બંને મિત્ર ફાગેશકુમારની હોન્ડા મોપેડ નં.(GJ-19-BQ-5223) લઈને અરેઠ ગયા હતા.



કામ પતાવી સાંજે ૭ વાગ્યાની આસપાસ સ્મિતભાઈ મોપેડ ચલાવીને અને ફાગેશકુમાર પાછળ બેસીને પરત ટિટોઈ જઈ રહ્યા હતા. ઝરપણ નજીક પેટ્રોલ પંપ સામે પહોંચતા સામેથી આવતી હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ બાઈક નં.(GJ-05-HB-6493) ના અજાણ્યા ચાલકે મોપેડને સામેથી ટક્કર મારતાં બંને રોડ પર ફંગોળાયા હતા. માથા અને જમણી આંખમાં ગંભીર ઈજા થતાં ફાગેશકુમારનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે સ્મિતભાઈને હાથ, પગ અને મોંના ભાગે ઈજા થઈ હતી. ૧૦૮ મારફતે બંનેને અરેઠ સરકારી દવાખાને ખસેડાયા હતા. સ્મિતભાઈની ફરિયાદના આધારે તડકેશ્વર પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વાંકાનેડાની રામાનુજ ડાઈંગ મિલમાં કામદારનું મોત

પલસાણા: વાંકાનેડાની સીમમાં આવેલી રામાનુજ ડાઈંગ મિલમાં કામ દરમિયાન લોખંડના પાઇપ સાથે નીચે પટકાતાં ચલથાણના ૩૮ વર્ષીય શ્રમિકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

ચલથાણના વિજયનગરમાં રહેતા ભરત શંકર પાટીલ (ઉ.વ.૩૮) ગત ૨૧ નવેમ્બર-૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે મિલમાં કામ કરી રહ્યા હતા. ત્યારે લોખંડનો પાઇપ પકડવા જતાં સંતુલન ગુમાવીને પાઇપ સાથે નીચે પટકાયા હતા. આ ઘટનામાં તેમને ચહેરા, કમર અને બંને પગમાં ગંભીર ઈજા પહોંચી હતી. સાથી કારીગરો તેમને બાઇક પર બેસાડી કડોદરાની હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં બપોરે ૧:૪૦ વાગ્યે તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓરમા પાટિયા નજીક ખાડામાં બાઈક સ્લિપ થતાં મહિલાનું મોત

પુત્ર સાથે બાઇક ઉપર ભાઇના ઘરે જતી કાછોલ ગામની મહિલાને અકસ્માત

સાયણ: ઓલપાડના કાછોલ ગામે જૂના ફળિયામાં ભારતીબેન દિનેશભાઇ પટેલ (ઉ.વ.૬૧) નામની વિધવા રહેતી હતી. ગત રવિવારે ભારતીબેન તેના નાના પુત્ર ઘનશ્યામ સાથે કાછોલથી મો.સા.નં.(જીજે-૦૫,એલ.પી-૭૨૪૧) ઉપર સવાર થઈ ઓલપાડ ખાતે રહેતા પોતાના ભાઈના ઘરે જઈ રહી હતી. બંને માં-દીકરા જ્યારે ઓલપાડ-સરસ રોડ ઉપર ઓરમા પાટિયા નજીક આવેલી સેનાખાડીના બ્રિજ પાસેના રોડ પરથી બપોરે ૧૧:૪૫ વાગ્યાના સુમારે પસાર થઈ રહ્યાં હતાં. ત્યારે ખાડામાં પડતા અચાનક સ્લિપ થઈ હતી. જેથી માં-દીકરા ખાડામાં પટકાતાં માતા ભારતીબેનના માથાના પાછળના ભાગે ગંભીર ઈજા ઉપરાંત બંને હાથની કોણીના ભાગે ઈજા થઈ હતી. જેથી તેમને સારવાર અર્થે સુરત શહેરના મોરા ભાગળની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના ડોકટરે ભારતીબેનને તપાસી મૃત જાહેર કર્યાં હતાં.

વડકુઈનો ફરાર બુટલેગર ઝડપાયો

વ્યારા : તાપી LCB પોલીસ અને પેરોલ ફ્લો સ્કવોડની ટીમે વ્યારાના કાકરાપાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂના ગુનામાં સંડોવાયેલા નાસતા ફરતા આરોપી નીરવ દિનેશ ગામીત (ઉ.વ.26) (રહે.,વડકુઈ ગામ, ડુંગરી ફળિયું, તા.વ્યારા)ને વ્યારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે વ્યારામાં મિશન નાકા પાસેથી દબોચી લીધો હતો. LCBએ પકડાયેલા આરોપીને વધુ કાર્યવાહી માટે વ્યારા પોલીસને સોંપ્યો હતો.